ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૪ જૂન, ૨૦૨૬



જાહેરમાં એક પુરુષ સ્ત્રીને પોતાની મિલકત માનીને વસૂલીની વાત કરે અને લોકો તાળીઓ પાડીને ખિખિયાટા કરે એ આ આખી ઘટનાનું સૌથી વધુ ચિંતાજનક પાસું હતું. સમાજને પેલી 370ની ટિપ્પણી કરનારો હિમાંશુ જાંગરા નડે એ સારું જ છે પણ છતાં ય તેની પર હસનારા લોકો સમાજની ખરી સમસ્યા છે

# સ્ત્રી એટલે રોકાણ સામે વળતર?

# 370 રૂપિયાની બિરયાનીનું બિલ, માનસિકતાનું દેવાળું

બહુશ્રુત

ચિરંતના ભટ્ટ

70 રૂપિયાની બિરયાની! ખરેખર, હવે આ કહેવાતા આધુનિક સમાજમાં આપણે આ મુદ્દે વાત કરવાનો વખત આવ્યો છે. આધુનિકતા સાથે શાલિનતા અને સંસ્કાર મફતમાં મળતા નથી એની સાબિતી એટલે કૉમેડિયન પ્રણિત મોરેના શોમાં જઈને પોતાના ડેટિંગ અનુભવની વાત કરનારા છોકરા વાળો વિવાદ. હિમાંશુ જાંગરા નામના એ છોકરાનું કહેવું કંઈક એમ હતું કે પોતે પૈસા ખર્ચ્યા એટલે છોકરી પાસેથી ‘કંઈક’ વસૂલવું પડે. પહેલા એ વાયરલ થયો અને પછી નોકરી વગરનો પણ થઈ ગયો. તાજા સમાચાર અનુસાર પ્રણિત મોરે, હિમાંશુ જાંગરા અને આ જ કૉમેડિયનના શોમાં જઈને કૂલ દેખાવા માટે પોસ્ટમોર્ટમ વિશે એલફેલ બોલી આવેલી ડૉક્ટર સેજલ પવાર, એ ત્રણેય પર એફઆઈઆર કરવામાં આવી છે. પણ અહીં વાંક આ બકવાસ કરનારા ત્રણ જણનો જ છે? આ એક વિવાદે એવો મધપૂડો છંછેડ્યો કે એનો ડંખ લાગશે એ માણસ સીધો થઈ જશે.

370 રૂપિયા ખર્ચનારા અથવા તો કોઈપણ સ્ત્રી માટે પૈસા ખર્ચનારા પુરુષને લાગે છે કે એણે પાકીટ ખોલ્યું એટલે હવે તે સ્ત્રી પાસે જે ઈચ્છે એ કરાવી શકશે. કમનસીબે આર્થિક રીતે સ્વતંત્ર થયેલી સ્ત્રીઓ પણ હવે ‘મન કી બાત’ કહી દે છે અને તેમને ના પાડતા પણ આવી ગયું છે. કમનસીબ એટલે પુરુષોનું કમનસીબ કારણકે આપણા પિતૃસત્તાક સમાજમાં પુરુષોને ના સાંભળવાની ટેવ જ નથી પડી. કોઈ રડ્યાંખડ્યાં પુરુષો સ્ત્રીની મંજૂરી, તેની ઈચ્છા, તેની હા કે નાને ગણતરીમાં લેતા હોય તો તેમની છાને ખૂણે ઠેકડી ઉડાડનારા મવાલીઓનો તોટો નથી. દમન કરી શકનારો, પોતાની માગણી મનાવી શકનારો અને એમ કહી શકનારો પુરુષ કે તેને પોતાના સમર્પિત રહે, સબમિસિવ હોય, પોતાની વાતમાં હાએ હા કરે એવી છોકરી જ ગમે છે તો એણે ઢાંકણીમાં પાણી લઈને ડૂબી મરવું જોઈએ.

સારી વાત છે કે સોશ્યલ મીડિયાને કારણે આ બકવાસ કરનારો છોકરો, પેલો કહેવાતો હાસ્ય કલાકાર બધાં રડારમાં આવ્યા, ચર્ચાને વાવટે ચડ્યા અને જે પગલાં લઈ શકાય એ લેવાયા. મને જે સૌથી વધારે ખૂંચે છે એ બાબત એ છે કે પેલા શોમાં જે વાત થઈ એમાં પૂછનારો અને બોલનારો તો બે જણ હતા પણ આખું ઑડિટોરિયમ ત્યાં બેઠું હતું અને બધાને આ કોમેન્ટ રમૂજી લાગી. ખુદ સ્ટેજ પરથી હસીને એને ‘પીક ગુરગાંવ કન્ટેન્ટ’ કહીને વધાવી લેવામાં આવી. સવાલ માત્ર એટલો જ કે, કેમ? આ બેહુદો બકવાસ સાંભળીને હસનારા લોકોમાં આપણા સમાજનો આયનો છે. આ આપણી માનસિકતા છે. કૂલ લાગવાના મોહમાં, પછાત ન લાગવાના મોહમાં આપણને બધું જ જાહેરમાં બોલવું છે. ડૉક્ટર સેજલ પવાર આનું બીજું ઉદાહરણ. એ જ શોમાં, એ જ કૂલ દેખાવાની હોડમાં, પોસ્ટમોર્ટમ અને ગુપ્તાંગ વિશે એલફેલ બોલીને એક આખા વ્યવસાયની શાલિનતાનો છેદ ઉડાડી દીધો, એવો વ્યવસાય જેને લોકો ઈશ્વર પછી બીજા સ્થાને મૂકે છે. આ વાત ખરેખર બિરયાનીની છે? 370 રૂપિયાની એક પ્લેટ રાષ્ટ્રીય મુદ્દો કેમ બની? વાત પૈસાની હતી? અહીં વાત માનસિકતાની છે. પુરુષ માને છે કે એ પૈસા ખર્ચે એટલે તેના બદલામાં તેને કંઈ મેળવવાનો અધિકાર મળી જાય છે. સ્ત્રી આખી લેવડ-દેવડ માટે કેટલી તૈયાર છે, કેટલી મંજૂરી આપે છે તેની સાથે એ પુરુષને કોઈ લેવાદેવા જ નથી. આ વલણનાં મૂળિયાં આપણે ત્યાં એટલે ઉંડે સુધી જડાયેલાં છે કે પુરુષો સ્ત્રીઓને એક સ્વતંત્ર, સ્વાયત્ત વ્યક્તિ તરીકે જોવા હજી તૈયાર જ નથી. તેમને માટે તો સ્ત્રી એટલે એવી સહભાગી જેના વહેવારો પર તેનું એટલે કે પુરુષનું નિયંત્રણ છે. એક બાજુ ભોપાલની ત્વિષા શર્મા છે, જેના પરિવારનો આરોપ છે કે દહેજની માગણીએ તેનો જીવ લીધો, તો બીજી તરફ 370 રૂપિયાની બિરયાની છે. ગંભીરતાનો ક્રમ જુદો છે, મૂળ એક જ છેઃ સ્ત્રી એટલે લેવડ-દેવડની વસ્તુ. સ્ત્રી સંપત્તિ બની જાય છે, કોઈપણ સંબંધ, સાથે ગાળેલી કોઈ સાંજ કે એક સાદું ડિનર ડેટ પુરુષ માટે ઈન્વેસ્ટમેન્ટ છે. હવે તો સ્ત્રીઓ આ પ્રકારના સંજોગોમાં ‘ખર્ચો’ વહેંચી લઈશું એમ કહેતી થઈ છે, કોઈ પુરુષ ક્યારેક આ માટે હા પાડે તો કોઈ ના પાડે અને એ બંન્ને જણાંની અંગત સમજ પર આધારિત બાબત છે. પણ કમનસીબે સ્ત્રી-પુરુષ વચ્ચેના સંબંધોમાં પુરુષો રોકાણ અને વળતરની ગણતરી કરતા થયા છે. સ્ત્રીઓ બધી સતી છે એવું નથી, જરાય નથી પણ છતાં ય હેરાન થનાર, બદનામ થનાર કે વેઠનાર તો મોટેભાગે સ્ત્રી જ હોય છે એ પણ વાસ્તવિકતા છે. સમાજ સુધરતો નથી એટલે અમુક સ્ત્રીઓ ક્યારેક પોતાના મૂળ સ્વભાવથી પર જઈને સામી થાય છે. દર વખતે તેમની સામા થવાની શૈલી કે રીત સાચી કે યોગ્ય હોય એવું પણ નથી હોતું. પણ છતાં ય જાહેરમાં એક પુરુષ સ્ત્રીને પોતાની મિલકત માનીને વસૂલીની વાત કરે અને લોકો તાળીઓ પાડીને ખિખિયાટા કરે એ આ આખી ઘટનાનું સૌથી વધુ ચિંતાજનક પાસું હતું. સમાજને પેલી 370ની ટિપ્પણી કરનારો હિમાંશુ જાંગરા નડે એ સારું જ છે પણ છતાં ય તેની પર હસનારા લોકો સમાજની ખરી સમસ્યા છે.

લોકો કેવી વાતો પર હસી નાખે છે એ સાબિત કરે છે કે સમાજને શું ચાલે છે, સમાજ શું સ્વીકારે છે કે સહન કરી લે છે. સ્ત્રી પર ઊતરતી કક્ષાની કોમેન્ટ કરવી એ મનોરંજન હોય તો એ સમાજનો ચહેરો કેવો હોય? સોશ્યલ મીડિયાના જમાનામાં આવી બાબત પહેલાં વાયરલ થઈ અને પછી તેની પર સવાલો ઉઠ્યા. જોવાનું એ પણ છે કે આ વાયરલ જ કેમ થયું? ચાર લોકો વચ્ચે આ વાત પહોંચી પછી ચાળીસ, પછી ચારસો અને પછી વધારે અને તેનાથી વધારે અને પછી ક્યાંક કોઈને સમજાયું કે આ ચાલે એવું નથી અને વિવાદ થયો. આ કાર્યક્રમમાં, આ બોલાયું ત્યારે જ બબાલ થવી જોઈતી હતી અને એ વાયરલ થવા જેવું હતું. આ ટિપ્પણી એડિટ કરીને સોશ્યલ મીડિયા પર મૂકવામાં આવી, એ જ બતાડે છે કે આમ કરવા પાછળ એક સજાગ પસંદગી હતી, કોઈ આંધળુકિયાં નહોતાં. રમૂજ, વ્યંગ, અશ્લીલતા અને પ્રહસન વચ્ચેનો તફાવત ભૂંસાઈ રહ્યો છે. રાજુ શ્રીવાસ્તવ અને જસપાલ ભટ્ટી જેવા કલાકારો ખરા વ્યંગકાર હતા. અપમાન કરીને હાસ્ય પેદા કરવાની છીછરી આદત આપણને ગમતી હોય તો આપણે જાત તપાસ કરવાનો વખત આવ્યો છે. જેટલું અંગત એટલું દિલને સ્પર્શે એ વાત સર્જનાત્મકતા માટે સાચી છે પણ અંગત બાબતોમાં માન, સન્માન, ગરિમાને નેવે મૂકી દેવાની શરત તો ક્યાંય નહોતી લખાઈ તો આપણે ત્યાં કાચા પડ્યા?

આપણે શું ચલાવી લઈએ છીએ એ આપણી માનસિકતા છતી કરે છે. બળાત્કાર, છેડતી, હત્યા જેવા ગુનાના સમાચારો આ વિકાસશીલ દેશમાં ઘટી નથી રહ્યા. સ્વતંત્ર બનેલી સ્ત્રીઓને સલામતી અનુભવવાની સો ટકા સ્વતંત્રતા તો નથી જ મળી. કોર્પોરેટ સીઈઓ હોય તો ભલે તે બતાવતી હોય કે તેને કોઈની સાડાબારી નથી પણ તેના કપડાં પર કોઈ ટકોર તો નહીં કરેને એવો એક વિચાર તો તેના મનમાં ય ક્યારેક ઝબકી જતો હશે. કોઈ પણ વ્યક્તિ, પરિસ્થિતિ કે લાગણીને છીછરી કરી દેવામાં આપણે કરુણા, ક્ષમા, દયા અને સંવેદનાની આખી સંસ્કૃતિનો છેદ ઉડાડી રહ્યાં છીએ. તકલીફ એ જ છે કે સ્ત્રીઓ તો આગળ વધી ગઈ છે, આધુનિક થઈ છે પણ પુરુષો હજી ય ક્યાંક ચોથી પાંચમી સદીની માનસિકતામાં જીવી રહ્યા છે. અને એ સદી બદલવાનું કામ કોઈ એફઆઈઆર નહીં કરે, પિતૃસત્તાક સમાજમાં પુત્ર રત્નોને સરખી રીતે ઉછેરવાની કેળવણી દરેક માતા-પિતાએ મેળવવી અને કેળવવી પડશે, એ જ આજનું સત્ય છે.

## બાય ધી વેઃ

એફઆઇઆર ત્રણ જણ સામે નોંધાઈ છે, નામ, સરનામાં, સમન્સ સહિત. રાષ્ટ્રીય મહિલા આયોગે પણ નોંધ લીધી છે અને સુનાવણી થવાની છે. છોકરો નોકરી ગુમાવી ચૂક્યો છે, કોમેડિયને પોતાનું ઇન્સ્ટાગ્રામ બંધ કરી દીધું છે. વ્યવસ્થાએ જે કરવાનું હતું એ બધું થઈ રહ્યું છે એવું લાગે, ખરુંને? પણ એ રાત્રે ઓડિટોરિયમમાં બેઠેલા સેંકડો લોકો, જેમના ખડખડાટ વગર આ ટિપ્પણી ‘કન્ટેન્ટ’ બની જ ન શકી હોત, તેમના નામની કોઈ યાદી નથી, કોઈ સમન્સ નથી, કોઈની નોકરી ગઈ નથી. કાયદો માઇક સુધી પહોંચી શકે છે, તાળીઓ સુધી નહીં. અંધારા ઓડિટોરિયમમાં હસનારાનું નામ ક્યારેય બહાર નથી આવતું અને એ વાતનો તેમને પૂરો ભરોસો છે એટલે જ એ બધા અત્યારે કદાચ આવતા શોની ટિકિટ બુક કરી રહ્યા હશે. ટિકિટનો ભાવ? 370 રૂપિયાથી તો વધારે જ હશે.

# ૧૯૫૦માં ચીન અને ભારત સરખા હતા, તો આજે ચીન પાંચ ગણું આગળ કેમ?

ઓપન સાયન્સ

વિન્સી મરચન્ટ

ચીન ભારત કરતાં વિસ્તારમાં ત્રણ ગણો મોટો દેશ છે પરંતુ ચીન કરતાં ભારત પાસે ખેતીલાયક જમીન ઘણી વધુ છે. ચીનનો ભૂભાગ મુખ્યત્વે પર્વતો તેમજ રણ અને બંજર જમીનનો બનેલો છે. આ ભારત પાસે પંદર કરોડ સાંઠ લાખ હેક્ટર ખેતીલાયક જમીન છે જ્યારે ચીન પાસે અગિયાર કરોડ નેવું લાખ હેક્ટર છે. ટૂંકમાં ભારત પાસે ખેતીવાડી માટેનું પોટેન્શિયલ ચીન કરતાં અધિક માત્રામાં છે. ૧૯૫૦ના વરસમાં એવી સ્થિતિ હતી કે ખેતીલાયક જમીનને બાદ કરતાં ભારત અને ચીનની આર્થિક તેમ જ સામાજિક સ્થિતિ લગભગ દરેક ક્ષેત્રોમાં એક સરખી હતી. ત્યારે પણ આ બે દેશો દુનિયામાં વસ્તીની બાબતમાં દુનિયાના સૌથી મોટા બે દેશો હતા, જે રીતે આજે છે. ત્યારે બન્ને દેશોનો દુનિયાના સૌથી ગરીબ દેશોમાં સમાવેશ થતો હતો. ૧૯૫૦ બાદ ભારતે લોકશાહી અપનાવી જે આજે ખૂબ નબળી સ્થિતિમાં બરકરાર છે અને છતાં લોકશાહીના માર્ગેથી તેને કોઈ ડગાવી શકશે નહીં તે ભવિષ્ય આજે જ સ્પષ્ટપણે જોઈ શકાય છે. બીજી તરફ ચીને સામ્યવાદ અપનાવ્યો.

આજે ભારત કરતાં ચીનના લોકોની સરેરાશ માથાદીઠ આવક ભારતની પ્રજાની સરેરાશ આવક કરતાં પાંચ ગણી વધારે છે. ચીન આજે દુનિયાનું ઔદ્યોગિક સુપરપાવર બની ગયું છે. અગાઉ વસ્તીમાં ચીન ભારત કરતાં આગળ હતું, પણ હવે ભારત ચીનથી આગળ નીકળીને નંબર વન બની ગયું છે, જેમાંના મોટા ભાગના લોકોને કોઈ કામ બરાબર આવડતું નથી. ‘ફલાણા કવિની કવિતાઓનો રસાસ્વાદ’ ભણીને, બી.એ., કે એમ.એ. થઈને એ શિક્ષકો અને પ્રોફેસરોએ એવા જ શિષ્યો પેદા કર્યા છે જેમને કવિતા પણ આવડતી નથી. (છતાં ઘણા કરે છે) અને કોઈ ઢંગનું કામ આવડતું નથી. જે દેશને ઉદ્યોગોની જરૂર હતી અને કુશળ, કમાણી કરી શકે તેવા કારીગરો અને એન્જીનીઅરોની જરૂર હતી, ત્યારે તેને બદલે દરેક નાનાથી મોટા નગરો, શહેરોમાં આર્ટ્સ કોલેજોની ભરમાર હતી.



વરસ ૧૯૭૬ સુધી પર કેપિટા જીડીપીની દ્રષ્ટિએ ભારત અને ચીન એક સરખા જ હતા. પણ આજે ચીન સસલાની માફક ખૂબ આગળ નીકળી ગયું છે, અને વચ્ચે આરામ કરવાની તેની ઈચ્છા જ નથી, બીજી તરફ ભારતનો ઢાલકાચબો ઢાલકાચબો હોવા છતાં આરામમાં પડી ગયો હતો. હવે ખૂબ મોડું થયા પછી થોડો સળવળ્યો છે, પરંતુ વ્યક્તિગત સુખાકારીના માપદંડમાં દુનિયાના સાવ ગરીબ દેશોની સમકક્ષ છે. મોટી સભાઓમાં વધુ મોટી બાંગો મારતાં રાજકીય નેતાઓ ક્યારેય આ પછાતપણાની સ્પષ્ટતા નહીં કરે, જે એક હકીકત છે. સારી બાબતોના દરેક માપદંડોમાં ભારત છેલ્લે ક્રમે હોય છે અને ખરાબ બાબતોના અનુક્રમમાં પ્રથમ હોય છે. ભારત અનેક બાબતોમાં આફ્રિકાના એ દેશો, જે યુરોપીયનોના ગયા બાદ સ્વર્ગમાંથી નર્કમાં ફેરવાઈ ગયા છે તેની હરોળમાં બેસે છે. આ આપણને એવો ભાસ કરાવવામાં આવ્યો છે કે લેટીન અમેરિકાના દેશોના લોકો ખૂબ ગરીબી ભોગવી રહ્યા છે. એવું કશું જ નથી. અમુકને બાદ કરતાં (ખાસ કરીને ડ્રગ્સની કાર્ટેલોમાં ફસાયેલા દેશોને બાદ કરતાં) મોટા ભાગના દેશોના લોકો ખૂબ સુખી છે. જાહેર વ્યવસ્થાઓ, સ્વચ્છતા, નીતિ નિયમો વગેરે આફલાતૂન છે. સ્પેનિશ લોકોએ ત્યાંના દેશોને અંગ્રેજોની સરખામણીમાં ખૂબ વહેલી આઝાદી આપી દીધી. પરંતુ લોકો ખૂબ કેળવાયેલાં, આધુનિક છે. લોકો આનંદ પ્રમોદ કરે પરંતુ અરાજકતાનું ક્યાંય નામોનિશાન નહીં. અમુક દેશોની વ્યવસ્થાઓ યુરોપના દેશો કરતાં પણ બહેતર છે. સામ્યવાદને વળગીને માત્ર સ્પેનિશ તાબાનું ક્યુબા હાલ ગરીબ બની ગયું છે, ત્યાં પણ સ્વચ્છતા એટલી છે કે ભારતમાં તેની કલ્પના ન કરી શકાય.

...અનુસંધાન પાના નં. 4 પર

**જો કે ચીનમાં સામ્યવાદ પણ એક ભ્રમ છે. અનેક રીતે તેણે મૂડીવાદી વ્યવસ્થાઓ અપનાવી છે. તેમ છતાં કોઈપણ વાણી સ્વતંત્રતા, નાગરિક અધિકારોના અભાવમાં દેશ પ્રગતિ કરી શકતો નથી. ચીન અહીં જુદું ઉદાહરણ પૂરું પાડે છે. લોકશાહી હોવા છતાં નોંધપાત્ર પ્રગતિ કરી શકતો નથી તેનું ઉદાહરણ ભારત પૂરું પાડે છે**

## સિલી પોઇંટ

